| | |
|---|---|
| ASSIGNMENT FOR PERIODIC ASSESEMENT -III | 2021-22 |
| Grade – 6 | Subject- GUJARATI |
| Syllabus – CH-8,9,10 | FROM TEXTBOOK |

## [ READING SECTION]

લીમડો આપણને ઘણો ઉપયોગી છે. લીમડાની ઘટાદાર છાયામાં બેસવાથી આપણને ઠંડક મળે છે. તે વટેમાર્ગુઓ અને પશુ પક્ષીનું આશ્રય સ્થાન છે. લીમડાનું દાતણ દાંત અને શરીર માટે ઉત્તમ છે. લીમડાના લીલા પાન પાણીમાં ઉકાળી, તે પાણી વડે સ્નાન કરવાથી ચામડીના રોગો થતાં નથી. ઘરમાં લીમડાનાં પાનનો ધુમાડો કરવાથી મચ્છરો ભાગી જાય છે. લીમડાના ફળને 'લીંબોળી' કહે છે. તેનું તેલ સાબુ બનાવવા માટે વપરાય છે.

અ) આ ફકરામાં ક્યાં વૃક્ષની વાત કરવામાં આવી છે?

બ) લીમડાની ઘટાદાર છાયામાં બેસવાથી આપણને શું મળે છે?

ક) લીમડાનુ દાંતણ કોના માટે ઉત્તમ છે?

ડ) શું કરવાથી ચામડીના રોગો થતાં નથી?

ઈ) લીમડાના ફળને શું કહેવાય છે?

2). સારા પુસ્તક જેવો કોઇ મિત્ર નથી. તે આપણને સાચું માર્ગદર્શન આપે છે. તે આપણને સારા કામો કરવાનું પ્રોત્સાહન આપે છે. સારાં પુસ્તકો આપણને સુખદુ:ખમાં સમભાવથી રહેવાનું બળ આપે છે. મહાપુરુષોનાં જીવનચરીત્રો વાંચવાથી આપણને વિપત્તિમાં પણ શાંતિ અને ધીરજ જાળવી રાખવાની પ્રેરણા મળે છે. સારાં પુસ્તકોના વાચનથી આપણામાં હિંમત, બહાદુરી, દયા, પ્રેમ, ક્ષમા વગેરે ગુણોનો વિકાસ થાય છે. સારાં પુસ્તકોના વાચનથી આપણામાં સારું – નરસું, સાચું – ખોટું પારખવાની આપણી શક્તિ ખીલે છે.

પ્રશ્નો 1 ) સૌથી શ્રેષ્ઠ મિત્ર કોણ છે ?

2) પુસ્તકો આપણને શેનું પ્રોત્સાહન આપે છે ?

3) મહાપુરુષોના જીવનચરિત્રો વાંચવાંથી શેની પ્રેરણા મળે છે ?

4) પુસ્તકો વાંચવાથી આપણામાં કેવાં ગુણોનો વિકાસ થાય છે ?

5) સારા પુસ્તકો વાંચવાથી આપણામાં કઇ શક્તિ ખીલે છે.

## [ WRITING SECTION ]

**પ્રશ્ન ૨ નીચેના વિશે પત્ર લખો.**

1) દિવાળીની રજાઓ તમે કેવી રીતે પસાર કરવાના છો તે જણાવતો પત્ર તમારા મિત્રને લખો

મયુર ડી. રાવલ
વંદેમાતરમ,
ગોતા,
અમદાવાદ-૩૮૦૦૧૩
તા .../.../...........

પ્રિય મિત્ર અમિત

મારી પહેલી કસોટીનું પરિણામ આવી ગયુ છે. ગણિતમાં ઓછા ગુણ છે. બાકીનાં વિષયોનું પરિણામ સારુ છે.

થોડા સમયમાં દિવાળીનું વેકેશન પડશે. આ વખતે અમે પ્રવાસે જવાના નથી.મે દિવાળીની રજાઓનું સમયપત્રક તૈયાર કરી લીધું છે. દરરોજ સવારે પપ્પા સાથે અડધો કલાક ચાલવા જવાનો છું. સવારે બે કલાક 'ઇંગ્લિશ સ્પીકિંગ' વર્ગમાં અંગ્રેજી શીખવા જવાનો વિચાર છે. ગણિતમાં ઓછા ગુણ આવ્યા છે, તેથી મારા પપ્પા મને દરરોજ સાંજે એક કલાક ગણિત શીખવવાના છે. અમે દિવાળીનો તહેવાર દાદા સાથે મનાવવાનું નક્કી કર્યું છે. એટલે પાંચ દિવસ ગામડે જવાના છીએ. આ ઉપરાંત નિશાળનું ઘરકામ તો ખરું જ.

તારા મમ્મી-પપ્પાને મારા પ્રણામ કહેજે.

તારો મિત્ર

મયુર

**2)** શાળામાં તમે તૈયાર કરેલા બાગ વિશે તમારા પિતાને પત્ર લખો.

મયુર ડી. રાવલ
વંદેમાતરમ,
ગોતા,
અમદાવાદ-૩૮૦૦૧૩
તા .../.../...........

પૂજ્ય પિતાજી

તમારો પત્ર મળ્યો મને બહું આનંદ થયો તમે મજામાં હશો. બીજું એ જણાવવાનું કે મને નવી શાળા ખૂબ ગમે છે. અને અમે તૈયાર કરેલા બાગ વિશે લખું છું.

અમારી શાળાના મકાનના આગળના ભાગમાં અમે બાગ બનાવ્યો છે. બાગનું પ્રવેશદ્વાર ધનુષ આકારનું બનાવ્યું છે. બાગમાં નાનામોટા અનેક ક્યારા બનાવ્યાં છે. દરેક ક્યારામાં જુદી જુદી જાતનાં ફૂલછોડ રોપ્યા છે. થોડા થોડા અંતરે આસોપાલવના અને કેટલાક સ્થળે લીમડાના રોપા રોપ્યા છે. થોડા થોડા અંતરે બેસવા માટે બાંકડા પણ મૂક્યા છે.

અમે બાગનું જીવની જેમ જતન કરીએ છીએ. સમયસર પાણી પણ પાઇએ છીએ. માળી અને ઉદ્યોગ શિક્ષક અમને માર્ગદર્શન આપે છે.

મમ્મી મારા પ્રણામ કહેજો.

તમારો પ્રિય પુત્ર
મયુર

## [GRAMMAR SECTION]

**પ્રશ્ન 3 (અ) નીચેના સમાનાર્થી શબ્દ લખો.**

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 1) | મિંદડી | = | બિલાડી | 2) | ગાવડી | = | ગાય |
| 3) | આભ | = | આકાશ | 4) | જડી | = | મળી |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 5) | વાંક | = | અપરાધ | 6) | ટકોર | = | ઠપકો |
| 7) | આઘે | = | દૂર | 8) | આશ્ચર્ય | = | નવાઇ |
| **9)** | ઝાલવું | = | પકડવું | **10)** | ગોતવું | = | શોધવું |

## (બ) નીચેના વિરોધી શબ્દ લખો.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 1) | હોશિયાર | X | ઠોઠ | 2) | અઘરું | X | સહેલું |
| 3) | જૂનું | X | નવું | 4) | નિરાશા | X | આશા |
| 5) | નબળું | X | સબળું | 6) | અંધારું | X | અજવાળું |
| 7) | કુમળું | X | કઠોર | 8) | છીછરું | X | ઊંડું |

## (ક) નીચેના શબ્દો પરથી વાક્યો બનાવો

| | | |
|---|---|---|
| ટપાલી | : | ટપાલી સાઇકલ પર આવે છે. તે ટપાલ લાવે છે. |
| કમ્પ્યૂટર | : | કમ્પ્યૂટર વિજ્ઞાનની મહાન શોધ છે તેનાથી કામો જલદી થાય છે. |
| મોબાઇલ | : | મોબાઇલ સંદેશો મોકલવા કે મેળવવાં માટેનું ઉત્તમ સાધન છે. તે ઉપયોગી છે |
| ટપાલપેટી | : | ટપાલપેટીમાં લોકો પત્રો નાખે છે. તે દરરોજ ખોલવામાં આવે છે. |
| કબૂતર | : | કબૂતર શાંતિ પ્રિય પક્ષી છે. તે પોતાની દિશા ભૂલતું નથી. |
| પેન્સિલ | : | પેન્સિલથી લખવાની મજા આવે છે. |
| રબર | : | પેન્સિલ સાથે રબર રાખવુ જ પડે. |
| ગાય | : | ગાય આપણી માતા સમાન છે. |
| સૂરજ | : | સૂરજ ગરમી આપે છે. |
| ઝાડ | : | ઝાડ શીતળ છાયા આપે છે. |

**[LITERATURE SECTION ]**

## પ્રશ્ન 4: નીચેના પ્રશ્નોના જવાબ લખો.

**1)** અશોકભાઇ બાળકોને કેવી રીતે શીખવે છે?

જ) અશોકભાઇ બાળકોને પ્રેમથી, હસતા – હસાવતા શીખવે છે.

2) દિવાળીમાં શું ખાઇને મોજ કરવાની છે?

જ)	દિવાળીમાં મીઠાઇ ખાઇને મોજ કરવાની છે?.

3)	વડીલને ક્યા શબ્દથી સંબોધન થાય છે?

જ)	વડીલને 'પૂજ્ય' કે 'આદરણીય' શબ્દથી સંબોધન થાય છે.

4)	પત્રના અંતે શું લખાય છે?

જ)	પત્રના અંતે વિદાયવચન લખાય છે જેમ કે, 'લિ. સ્નેહાધીન મયુરના નમસ્કાર.

5)	મોરલાની પીંછીંમાં શું જડેલું છે?

જ)	મોરલાની પીંછીમાં રંગબેરંગી ટીલડી જડેલી છે.

6)	કવિનો હાથ ક્યાં પહોચતો નથી?

જ)	કવિનો હાથ આંબાની ટોચે પહોચતો નથી.

7)	કવિ આભલાની ચૂંદડી કોને કહે છે?

જ)	કવિ નવલખ તારાથી મઢેલા આભને આભલાની ચૂંદડી કહે છે.

8)	બીરબલના મતે મૂર્ખાઓને શી રીતે ઓળખી શકાય?

જ)	બીરબલના મતે મૂર્ખાઓને એમના બોલવા – ચાલવા પરથી ઓળખી શકાય.

9)	બાદશાહે બીરબલને ક્યું કામ સોપ્યું?

જ)	બાદશાહે બીરબલને એક અઠવાડિયાની અંદર છ મૂરખાને શોધી દરબારમાં હાજર કરવાનું કામ સોપ્યુ.

10)	બીરબલે અકબર બાદશાહને શાથી મૂરખ કહ્યા?

જ)	બીરબલે અકબર બાદશાહને મૂરખ કહ્યા, કારણ કે અકબરે રાજકાજનાં ને બીજાં અનેક સારાં કામો પડતાં મૂકી મૂરખાઓને શોધવાનો હુકમ કર્યો હતો.